ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૦૩/૨૧–૨૨/ 2657 તારીખ : 06 SEP 2021

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**મે.અંબુજા સીમેન્ટ,**
**પો.ઓ.અંબુજાનગર,**
**તા.કોડીનાર,**
**જી.ગીર સોમનાથ**
**મો.નં. ૦૨૭૯૫ ૨૨૧૧૩૭/૨૩૨ ૦૦૯**

કેસ નં.૦૩/૨૧–૨૨

**વિષય : નવું ૫ એચ.પી નું થ્રી ફેઈઝ વિજ કનેકશન ન મળવા બાબત.**
**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૨૫/૦૩/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૩૧/૦૩/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૩/૨૧–૨૨/૧૧૬૯ તા.૦૩/૦૪/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૩/૨૧–૨૨/૨૨૪૪ તા.૨૯/૦૭/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૨/૦૮/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી, ભાવનગર.**

**બિડાણઃ– ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **ઉના,**
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ–**
શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૦૩/૨૧–૨૨**

વાદી :– **મે.અંબુજા સીમેન્ટ,**

**વિરૂધ્ધ**

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

**રજુઆતની તારીખઃ– તા.૧૨/૦૮/૨૦૨૧**

હાજર રહયા :– **શ્રી ભવદીપભાઈ એ જથ્થલ (વાદી ના પ્રતિનિધિ)**

પ્રતિવાદી :– **શ્રી એમ.વી.બાંભણીયા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, ઉના**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

મે.અંબુજા સીમેન્ટ, મું.પો.અંબુજાનગર, તા.કોડીનાર, જી.ગીર સોમનાથ ની નવું ૫ એચ.પી નું થ્રી ફેઈઝ વિજ કનેકશન ન મળવા બાબત ની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૦૩/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલી ને પત્ર નં. અત્રેની કચેરીના પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૩/૨૧–૨૨/૧૧૬૯ તા.૦૩/૦૪/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૧૨/૦૮/૨૦૨૧</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી મે.અંબુજા સીમેન્ટ વતી તેમના પ્રતિનિધિ શ્રી ભવદીપભાઈ એ જથ્થલ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.વી.બાંભણીયા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, ઉના ઉપસ્થિત રહેલ.

**વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

જયભારત સાથ ઉપરોકત વિષયે આપ સાહેબને જણાવવાનું કે, કોડીનાર તાલુકાના જગતીયા ગામે અમારી કંપની ની જમીન સર્વે નં–૪૬/૧/પૈકી ૧ માં આવેલ વે બ્રિજ તથા ઓફીસ માટે જ્યોતિગ્રામ યોજના હેઠળ (૫) હોર્સ પાવર નું થ્રી ફેઈઝ વાણિજ્ય હેતુ માટે વિજ જોડાણ ની જરૂરીયાત છે. જે માટે અમોએ નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, કોડીનાર ને તા.૨૪/૧/૨૦૧૯ ના રોજ નિયત નમૂનામાં અરજી કરવામાં આવેલ છે. જે બાબતે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, કોડીનાર–૨ ના તા.૧/૩/૨૦૧૯ ના પત્ર થી જણાવેલ છે કે, તમારી અરજીની દરખાસ્ત બનાવી ડિવિઝન ઓફીસ, ઉના મોકલાવેલ. ડિવિઝન ઓફીસ દ્વારા આપની ફાઈલ તપાસતા આપની કંપની ના નામે એરીયર્સ બાકી હોય જેથી કનેકશન મળવાપાત્ર નથી તેમ જણાવેલ છે.

Consumer Redressal Forum P.G.V.C.L. Bhavnagar

આ બાબતે આપ સાહેબને જણાવવાનું કે, અમો કંપનીને ગુજરાત સરકાર દ્વારા કોડીનાર તાલુકાના સુગાળા તથા જગતીયા ગામે જુદા જુદા સર્વે નંબરો મળી કુલ હે. ૪૧૭.૩૫.૮૪ ચો.મી.જમીન અમો કંપની ને ગુજરાત સરકારશ્રી ના ઈન્ડસ્ટ્રીઝ અને માઈન્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર ના હુકમ નં–એમ.સી.આર–૧૦૯૬–૩૧૧૧–છ તા.૧૯/૭/૨૦૦૨ થી ૩૦ વર્ષ ના પટે માઈનીંગ લીઝ ફાળવવામાં આવેલ છે. જે માઈનીગ લીઝ માંથી અમો કંપની દ્વારા કાચોમાલ લાઈમ સ્ટોન અંબુજાનગર ખાતે આવેલ અમારા પ્લાન્ટ ખાતે લાવવામાં આવે છે અને તેમાંથી સીમેન્ટ નું ઉત્પાદન કરવામાં આવે છે. આમ, આ માલને વહન કરતા પહેલા ખાણ ખનિજ વિભાગ ને એડવાન્સ રોયલ્ટી ચૂકવવામાં આવે છે અને આ માલના વહન નું વે બ્રિજ ઉપર વજન કરવામાં આવે છે. આમ, માઈન્સમાં વે બ્રિજ હોવો એ સરકારશ્રી ની પ્રવર્તમાન જોગવાઈ મુજબ જરૂરી છે જે માટે અમો સુગાળા માઈન્સમાં વિજ કનેકશન ધરાવીએ છીએ અને તે વિજ કનેકશન નું બિલ નિયમીત પણે અમો કંપની દ્વારા ચૂકવવામાં આવે છે. હાલં, અમારે જગતીયા ગામની માઈન્સ માં વે બ્રિજ માટે વિજ કનેકશન ની જરૂરીયાત હોઈ, તે માટે માંગણી કરેલ છે.

તથા વધુમાં અપ સાહેબને જણાવવાનું કે, અમો કંપની પાસે બાકી નીકળતા એરીયર્સ ની રકમ બાબતે ગુજરાત ઈલેક્ટ્રીસીટી રેગ્યુલેટરી કમિશન (જીઈઆરસી), અમદાવાદ માં પીટીશન નં–૮૫૦/૨૦૦૫ થી મેટર ચાલતી હતી અને આ મેટરનો ચુકાદો તા.૧૮/૧૧/૨૦૦૬ ના અમો કંપની ની તરફેણ માં આપવામાં આવેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે અને તે ચુકાદા સામે ગુજરાત ઈલેક્ટ્રીસીટી બોર્ડ એ ગુજરાત હાઈકોર્ટ માં સ્પે.સિવિલ એપ્લીકેશન નં–૩૪૦૨/૨૦૧૦ થી દાખલ કરેલ છે. જેનો નિર્ણય આજ સુધી આવેલ નથી.

આમ, અમો કંપની પાસે નીકળતા એરીયર્સ ની રકમ બાબતે ગુજરાત ઈલેક્ટ્રીસીટી રેગ્યુલેટરી કમિશન(જીઈઆરસી), અમદાવાદ કે જે આપની સંસ્થા છે, તેમણે અમો કંપની ની તરફેણ માં ચુકાદો આપેલ છે. આમ, જીઈઆરસી ના ચુકાદા સામે ગુજરાત ઈલેક્ટ્રીસીટી બોર્ડ એ ગુજરાતં હાઈકોર્ટ માં કેસ દાખલ કરેલ હોય, આ કેસ નો જે કાંઈ નિર્ણય આવે તે અમો કંપની ને બંધનકર્તા રહેશે. જે બાબત ની અમો કંપની બાંહેધરી આપીએ છીએ.

આમ, ઉપર ની તમામ હકીકતે ધ્યાને લઈ, જગતીયા ગામે આવેલ અમારી જમીનમાં સ્થાપિત વે બ્રિજ તથા ઓફીસ માટે જ્યોતિગ્રામ યોજના હેઠળ ૫ હોર્સ પાવરનું થ્રી ફેઈઝ વિજ જોડાણ મળી રહે તે બાબતે આપના તરફથી યોગ્ય નિકાલ થઈ અમોને દાદ મળવા વિનંતી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૧.૧ ગુજરાત અંબુજા સિમેન્ટ લી.ના એચ.ટી.વિજજોડાણ ના ગ્રાહક નં–૪૩૨૦૨, ૧૦૦૦૦ કે.વી.એ. સિમેન્ટ ના ઉત્પાદન હેતુ માટે કનેકશન હતું. તે તા.૩૧/૩/૨૦૦૮ ના પીડીસી કરવામાં આવેલ છે તે કનેકશન અંબુજાનગર સ્થિત હતું.

૧.૨ બીજું કનેકશન શ્રી ગુજરાત અંબુજા સિમેન્ટ એચ.ટી.વિજ જોડાણના ગ્રાહક નં–૪૩૨૦૫, ૧૬૦૦ કેવીએ નું કનેકશન '' Bulk Cement Terminal(Jelly) '' હેતુ માટે તા.૭/૧/૧૯૯૪ ના રોજ થી મૂળ દ્વારકામાં શરૂ કરવામાં આવેલ હતું. તેનું બિલીગ HTP-I ટેરીફ મુજબ બનાવવામાં આવતું હતું.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૩ ત્યારબાદ,સમયાંતરે તા.૧૭/૯/૨૦૦૪ ના રોજ ગુજરાત વિધુત બોર્ડ દ્વારા નોન મેન્યુફેકચરીગ યુનિટ નો ટે HTP-II કરવાનો નિર્દેષ કરતો સરકયુલર નં-COM:D:HTP IIA-2326 થી બહાર પડેલ અને તા.૧૦/૧૦/૨૦૦૦ થી અમલ કરવાનો નિર્દેષ કરવામાં આવેલ તેના અનુસંધાને વિભાગીય કચેરી, ઉના દ્વારા Unad/Rev/HT/8097 dtd.14.03.2005 થી HTP-I ટેરીફ માંથી HTP-II મુજબ નું તફાવત પુરવણી બિલ રૂા.૭૭,૬૪,૨૭૬/૧૦ આપવામાં આવેલ. જે પુરવણીની રકમ ભરપાઈ કરવામાં આવેલ નથી. તેમજ રેગ્યુલર બિલની રકમ ભરપાઈ ન થતા કંપની ના નિયમ મુજબ ની કાર્યવાહી કર્યા બાદ AMCO/AO/Rev/HT/Termination/43205/3184 dtd.23.04.2015 નો કરાર રદ કરવામાં આવેલ.

૧.૪ આ બાબત ના અનુસંધાને શ્રી ગુજરાત અંબુજા સિમેન્ટ દ્વારા પીટીશન નં-૮૫૦/૨૦૦૫ થી તેઓના ઉપરોકત વિજ કનેકશન નું બિલ HTP-II(A) ના બદલે HTP-I ટેરીફ મુજબ બિલ આપવા માટે જીઈઆરસી,અમદાવાદ ખાતે પીટીશન દાખલ કરેલ. જેનો ચુકાદો તા.૧૮/૧૧/૨૦૦૬ ના રોજ આપવામાં આવેલ. અને તેની અરજી મંજૂર કરીને આ ગ્રાહક નું બિલ HTP-I ટેરીફ પ્રમાણે આપવું અને તા.૧૪/૩/૨૦૦૫ ના રોજ આપેલ બિલ રદ કરવું. તે મુજબ ચુકાદો આવેલ હતો.

૧.૫ જીઈઆરસી ના ઉપરોકત હુકમ સામે ઉના વિભાગીય કચેરી એ વડી કચેરી ની મંજૂરી લઈ કંપની ના પેનલ એડવોકેટ દ્વારા ગુજરાત હાઈકોર્ટ ખાતે એસ.સી.એ નં-૩૪૦૨/૨૦૧૦ થી અપીલ ફાઈલ કરેલ છે. જે હાલમાં તા.૧/૮/૨૦૧૯ થી ફાઈનલ હીયરીગ સ્ટેજે પેન્ડીગ છે.

૧.૬ તાજેતરમાં શ્રી ગુજરાત અંબુજા સીમેન્ટ લી. દ્વારા મું. જગતીયા, સર્વે નં-૪૬/૧/પૈકી/૧ ખાતે એલ.ટી.કનેકશન ની માંગણી કરતા, ઉપરોકત કનેકશન(૪૩૨૦૫) ની કંપનીની લેણી રકમ રૂા.૭૭,૬૪,૨૭૬/૦૦ બાકી હોવાના કારણે ગુજરાત નિયંત્રણ આયોગ દ્વારા આપવામાં આવેલ વિધુત પુરવઠા સંહિતા અને આનુષંગીક બાબતે વિનિયોગ વિધુત જાહેરનામા ક્રમાંક-૪/૨૦૧૫ સેકશન નં-૪.૩૦ મુજબ '' નવા જોડાણ, પુનઃજોડાણ વિજભાર માં વધારો કે ઘટાડો, નામમાં ફેરફાર અથવા કોઈ જગ્યા માટે સર્વિસ લાઈન ખસેડવા માટે ની અરજી, તે જગ્યા ના સંબંધિત કોઈ લેણા અથવા અરજદાર દ્વારા વિતરણ પરવાનેદાર ને વિતરણ પરવાનેદાર ના અધિકાર ક્ષેત્ર માં કોઈપણ જગ્યાએ તેના નામે રાખે, બીજા કોઈ સર્વિસ જોડાણ ના સંબંધ માં કોઈ બાકી રકમ ચૂકવવામાં આવે નહી ત્યાં સુધી પરવાનેદાર દ્વારા ધ્યાનમાં લેવામાં આવશે નહી. તે સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવેલ છે.'' તે મુજબ સદર વિજ જોડાણ આપી શકાય નહી.

જે આપ સાહેબ ની જાણ સારૂં તેમજ આગળની યોગ્ય કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર મે.અંબુજા સિમેન્ટ, શ્રી ભવદીપ એ. જથ્થલ એ ગામ–જગતીયા તા.કોડીનાર માં ૫ એચ.પી નું થ્રી ફેઈઝ એનઆરજીપી ટેરીફ હેઠળ વિજ જોડાણ પ્રતિવાદી ની ઓફીસ માં માંગેલ છે.

૩.૨ વાદી અરજદાર ને ગુજરાત સરકાર દ્વારા જગતીયા ગામે સર્વે નં–૪૬/૧ પૈકી ૧ માં ૩૦ વર્ષ ના માઈનીગ માટે લીઝ માં આપેલ છે.

૩.૩ વાદી અરજદાર માઈનીગ લીઝ માંથી કાચો માલ લાઈમ સ્ટોન કાઢી અને તેના અંબુજાનગર ખાતે ના સિમેન્ટ પ્લાન્ટ માં લઈ જવાના છે. આ કાચા માલ ને વહન કરતા પહેલા ખાણ ખનીજ વિભાગ ને એડવાન્સ રોયલ્ટી ચૂકવવા માટે કાચા માલને વે બ્રિજ પર વજન કરવા માટે વાદી અરજદારે વે બ્રિજ માટે ૫ એચ.પી નું વિજ જોડાણ માંગેલ છે.

૩.૪ પ્રતિવાદીએ તેની રજૂઆતમાં જણાવેલ છે કે, વાદી અરજદાર ગુજરાત અંબુજા સિમેન્ટ(જેટી) ના નામનું ૧૬૦૦ કેવીએ નું એચ.ટી વિજ જોડાણ મું.દ્વારકા ગામે ધરાવતા હતા.

૩.૫ તા.૧૭/૯/૨૦૦૪ ના રોજ તત્કાલીન જીઈબી દ્વારા નોન મેન્યુફેકચરીંગ યુનિટ ને HTP-II નો ટેરીફ લગાવવા માટે નો પરીપત્ર કરેલ. વાદી અરજદાર દ્વારા તેમનું વિજ બિલ HTP-I ટેરીફ પ્રમાણે ભરવામાં આવતું. HTP -II ટેરીફ પ્રમાણે અરજદાર બિલ ભરતા ન હતા. આથી, વાદી અરજદાર ના વિજ જોડાણ સામે HTP-I અને HTP-II ટેરીફ ની તફાવત ના બિલ ની રકમ રૂા.૨,૧૮,૦૨,૮૩૧/– તા.૧૯/૫/૨૦૧૫ ની સ્થિતિ એ બાકી હતી.

૩.૬ પ્રતિવાદી ની રજૂઆત તેમજ પ્રતિવાદી એ તેની રજૂઆત સાથે GERC નો પીટીશન નં–૮૫૦/૨૦૦૫ માં કરેલ. હુકમ ની નકલ જોડેલ છે. GERC ના આ હુકમ તા.૧૮/૧૧/૨૦૦૬ મુજબ GERC એ વાદીને આપેલ બિલ રદ કરેલ છે અને વાદી ના વિજ જોડાણ નું બિલીંગ HTP-I ટેરીફ મુજબ કરવાનો હુકમ કરેલ.

૩.૭ પ્રતિવાદીએ તેની લેખિત રજૂઆતમાં જણાવેલ છે કે,તેઓએ GERC ના હુકમ સામે નામ.ગુજરાત હાઈકોર્ટ ખાતે એસ.સી.એ નં–૩૪૦૨/૨૦૧૦ થી અપીલ ફાઈલ કરેલ છે. પરંતુ, પ્રતિવાદીએ આને લગતા કોઈ દસ્તાવેજો રજૂ કરેલ નથી અને એસ.સી.એ નં–૩૪૦૨/૨૦૧૦ નું સ્ટેટસ પણ જણાવેલ નથી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૩.૮ પ્રતિવાદીએ તેની રજૂઆત માં GERC ના નોટીફીકેશન નં–૪/૨૦૧૫, સેકશન નં–૪.૩૦ ના પ્રોવિઝન મુજબ વાદીના એચ.ટી. વિજ જોડાણ સામે વિજ બિલ પેટે રૂા.૨,૧૮,૦૨,૮૩૧/– બાકી હોઈ વાદીને વિજ જોડાણ આપવાની ના પાડેલ છે. પ્રતિવાદી ના જણાવ્યા મુજબ આ બાકી રકમ HTP-I અને HTP-II ટેરીફના તફાવત ની બાકી રકમ છે. જયારે, GERC એ પીટીશન નં–૮૫૦/૨૦૦૫ ના હુકમ HTP-I પ્રમાણે વાદીનું વિજ બિલીગ થવું જોઈએ તેવો હુકમ કરેલ અને વાદીને આપવામાં આવેલ HTP-II પ્રમાણે નું બિલ રદ કરવા હુકમ કરેલ.

૩.૯ પ્રતિવાદીએ રજુ કરેલ ગુજરાત વિદ્યુત બોર્ડનો પત્ર તા. ૧૬/૦૩/૨૦૦૫માં આપેલ સૂચનામાં જણાવેલ છેકે

" The Board have filled LPA against the judgement. The decision of LPA is pending with the Hon'ble high court.

To reduce the hardship to the consumers and to streamline the procedure the matter was put up to the competent Authority. The further course of action in the matter are decided as under till LPA is finalized.

A. The supply may not be disconnected for non-payment of supplementary bills issued for change in tariff from HTP-I to HTP-II (A).
B. We may continue to bill all such consumers at HTP-II (A) tariff.
C. We may accept the payment from consumer of bills at HTP-II (A)or HTP-I tariff as interim arrangement. Consumer may be communicated that the arrangement is without prejudice to the contention & rights in the pending petition filed by GEB.

પ્રતિવાદીની જે –તે સમયે જી.ઈ.બી.ના ઉપરોક્ત પત્ર માં જણાવ્યા મુજબ કન્ઝુમર પાસેથી HTP- II (A) અથવા HTP-I ટેરીફ પ્રમાણેનું પેમેન્ટ સ્વીકારવાનું હતું અને તે મુજબ પ્રતિવાદી સદર કેસમાં અંબુજા સિમેન્ટ પાસેથી HTP-I ટેરીફ મુજબ બીલ સ્વીકારતા હતા. હાલ, પ્રતિવાદીના જણાવ્યા મુજબ હાઈકોર્ટમાં તેઓએ ફાઈલ કરેલ SCA 3402/2010 પેન્ડીંગ છે.

ઉપરોક્ત બાબતને ધ્યાનમાં રાખતા પ્રતિવાદીએ વાદી પાસેથી HTP-I ટેરીફ પ્રમાણેના બીલની રકમ સ્વીકારેલ છે.

૪.૦ વાદીએ તેમની લેખિત રજૂઆતમાં જણાવેલ છે કે, નામ. ગુજરાત હાઈકોર્ટ નો જે કાંઈ નિર્ણય/ચુકાદો તે તેઓને બંધન કર્તા રહેશે તેવી બાંહેધરી આપેલ છે.

Consumer Grievances Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૪.૧ ઉપર જણાવેલ બન્ને પક્ષોની રજૂઆત, GERC નો હુકમ, રજૂ કરવામાં આવેલ દસ્તાવેજ ને ધ્યાનમાં લઈ હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદીએ વાદી પાસેથી તેઓને '' હાઈકોર્ટ ના નિર્ણય બંધનકર્તા રહેશે '' તે મતલબનું અન્ડરટેકીંગ લઈ અને વાદીએ માંગેલ સ્થળે ૫ હો.પા.નું વિજ જોડાણ નિયમ મુજબ આપવાની કાર્યવાહી કરવી.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં." ૪.૧ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| **(શ્રીમતી જે.એમ.મેહતા)** | **( — )** | **(એમ.આર.વજરીયા)** |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,** |
| | | **ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ** |
| | | **પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.** |

તારીખ :– **૧૨/૦૮/૨૦૨૧.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar